RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 274, Dt.08-01-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બિલકિસ બાનો કેસમાં ૧૧ દોષિતોની સજા માફી રદ કરતી સુપ્રીમ

## ગુજરાત સરકારનો નિર્ણય સત્તાનો દુરુપયોગઃ ગુનાઓને રોકવા સજા આપવામાં આવે છે, મહિલાઓ પણ સન્માનની હકકદારઃ સુપ્રીમઃ ૨૦૦૨ના કોમી રમખાણ સમયે બિલકિસ બાનુ પર ગેંગરેપ અને તેના ૭ પરિવારજનોની હત્યાના દોષિતોને આજીવન કારાવાસની સજા યથાવત





**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતના ૨૦૦૨ના કોમી રમખાણ સમયના બિલકિસ બાનોસામુહિક દુષ્કૃત્ય અને તેમના સાત કુટુંબીજનોની હત્યાના કેસમાં સુપ્રીમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચૂકાદામાં ગેંગરેપનાં ૧૧ આરોપીઓને સમય પહેલા જ જેલમુક્ત કરવાના આદેશને રદ કરીને તમામને તેમને ફટકારાયેલી સજાનો બાકીનો સમય પુરો કરવા જેલમાં મોકલી આપવા આદેશ આપ્યા હતા.

ગુજરાત સરકારે આ કેસમાં પોતાને મળેલ ખાસ અધિકાર હેઠળ ૨૦૨૨માં ૧૧ દોષિતોની બાકીની સજા માફ કરી હતી અને વિશ્વહિન્દુ પરિષદ સહિતના સંગઠનોએ ધામધૂમથી જેલમુક્ત થયેલા આરોપીઓનું સ્વાગત પણ કર્યુ હતું. તેને પડકારતી બિલકિસ બાનોની અરજી પર સર્વોચ્ચ અદાલતે આજે તેના ચૂકાદામાં સ્પષ્ટ કર્યુ હતું કે મહિલાઓ સન્માનને હકકદાર છે ઉપરાંત આ કેસ મહારાષ્ટ્રમાં જ ચાલ્યો છે અને તેથી તેમાં કોઈપણ નિર્ણય લેવાનો સંપૂર્ણ અધિકાર મહારાષ્ટ્ર સરકારને છે.

ગુજરાત સરકારને દોષિતોને મુક્ત કરવાનો કોઈ અધિકાર નથી. ઉપરાંત કોઈ ગુનેગાર પર કેસ ચલાવવામાં આવે અને સજા થાય તે તેના ગુન્હાનું પરિણામ હોય છે અને તેમાં રાજય સરકાર આ રીતે નિર્ણય લઈ શકે નહી.

ગુજરાત સરકારે આ કેસમાં ૨૦૨૨માં રાજય સરકારની માફી નીતિ હેઠળ બિલકિસ બાનો પર ગેંગરેપ અને તેના પરિવારના સાત સભ્યોની હત્યાના આરોપીઓને જેલ સજામાંથી માફી આપી હતી. ૨૦૦૮માં ખાસ સીબીઆઈ કોર્ટે તેમને આજીવન કારાવાસની સજા ફટકારી હતી અને મુંબઈ હાઈકોર્ટે પણ તેને મંજુરી આપી હતી. ૧૫ વર્ષ સુધી જેલમાં રહ્યા બાદ આરોપીઓએ મુક્તિની માંગણી કરી હતી.

જેમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ બી.વી.નાગરત્ના અને જસ્ટીસ ઉજજવલ ભૂઈયાની એ પોતાનો ચુકાદો આપ્યો હતો. જેના પરિણામે હવે તમામ આરોપીઓને જેલમાં જવુ પડશે તે નિશ્ચિત છે.

સર્વોચ્ચ અદાલતે આજે બિલકિસ બાનો કેસમાં ૧૧ આરોપીઓની સજા મુક્તિ રદ કરતા કહ્યું કે ગુજરાત સરકાર એ જે નિર્ણય લીધો છે તે તેની સજાનો દુરુપયોગ છે. રાજય સરકારને આ પ્રકારની સતા નથી. કારણ કે કેસ મહારાષ્ટ્રમાં ચાલ્યો છે અને સમગ્ર કેસ પર મહારાષ્ટ્ર સરકારનો અધિકાર છે. ગુજરાત સરકારે કયા કાનુન હેઠળ આ મુક્તિ આપી તે જ પ્રશ્ન છે. કેદી રાજય સરકારનો વિષય છે પરંતુ કેસ તેના અધિકાર ક્ષેત્રના વિસ્તારોમાં ચાલ્યો હોવો જોઈએ તે જરૂરી છે.

# લોકસભાની ચૂંટણીની તૈયારીમાં લાગતા વડાપ્રધાન મોદી

## પાંચ ફેબ્રુઆરી પહેલાં અનેક રાજ્યોની કરશે મુલાકાતઃ આવતીકાલથી ગુજરાતના પ્રવાસે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભાની ચૂંટણીની તૈયારીમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૫ ફેબ્રુઆરી પહેલાં ઓછામાં ઓછા એક વખત તમામ મોટા રાજ્યોની મુલાકાત લે તેવી શક્યતા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મોદી મોટા રાજયોની બે મુલાકાતો કરશે જયારે તેઓ એક વખત કેટલાક નાના રાજયોની મુલાકાત લેશે.

પીએમનો પ્રવાસ દક્ષિણના રાજ્યોની



મુલાકાતથી શરૂ થઈ ચૂક્યો છે. મોદીએ ગયા અઠવાડિયે તમિલનાડુ, લક્ષદ્વીપ અને કેરળની મુલાકાત લીધી હતી. તેઓ ગયા શુક્રવારે રાજસ્થાનની મુલાકાતે પણ ગયા હતા. જયપુરમાં ડીજીપી અને આઈજીપી કોન્ફરન્સમાં હાજરી આપવા ઉપરાંત, તેમણે જયપુરની પાર્ટી ઓફિસમાં ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્યો અને વરિષ્ઠ નેતાઓની બેઠકમાં પણ હાજરી આપી હતી. તેમની આગામી મુલાકાતો દરમિયાન પીએમનો રોડ શો અથવા જાહેર સભા પણ કાર્ડ પર છે.

૧૦ જાન્યુઆરીએ તેઓ વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ઉદઘાટનના કાર્યક્રમથી શરૂ કરીને બે દિવસ માટે ગુજરાતની મુલાકાત લેશે.

૧૨ જાન્યુઆરીએ તેઓ નવી મુંબઈમાં મુંબઈ ટ્રાન્સ હાર્બર લિંકનું ઉદઘાટન કરવા મહારાષ્ટ્ર જશે. તે જ દિવસે તેઓ નાસિકમાં રાષ્ટ્રીય યુવા મહોત્સવનું ઉદઘાટન કરે તેવી અપેક્ષા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે નાસિકમાં રોડ શો યોજાય તેવી શક્યતા છે. ૧૩ જાન્યુઆરીએ, તેઓ ધનબાદ, ઝારખંડ અને બિહારના બેતિયાની મુલાકાત લે તેવી અપેક્ષા હતી. જો કે આ કાર્યક્રમમાં વિલંબ થવાની શક્યતા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ સંગઠનાત્મક બેઠકો કરવા પ્રવાસે છે. જાન્યુઆરીમાં શાહ ઉત્તરમાં જમ્મુથી ઉત્તરપૂર્વમાં મેઘાલય સુધીના છ રાજયોનો પ્રવાસ કરશે. ૯મી જાન્યુઆરીએ તેઓ ચૂંટણીની તૈયારીની સમીક્ષા કરવા જમ્મુમાં રહેશે. તેઓ ૧૧ જાન્યુઆરીએ ત્રિપુરા જશે અને ૧૨ જાન્યુઆરીએ તેઓ ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે જશે.

# કાર તેમજ પર્સનલ લોનના વ્યાજદરમાં વધારો થશે

## બેન્કો દ્વારા હવે હોમ લોન સિવાય તમામ લોન મોંઘી કરવા તૈયારી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયા દ્વારા વ્યાજદર યથાવત રખાતા અને બેંકો દ્વારા થાપણદારોને આકર્ષવા જે રીતે થાપણો પરના વ્યાજદર વધાર્યા છે તેનાથી બેંકોની નફાશક્તિ પર અસર થઈ શકે છે અને તેથી જ બેંકો હવે કાર તેમજ પર્સનલ લોનના વ્યાજદરમાં વધારો કરી શકે છે.

એક તરફ ચાલુ માસથી જ તમામ કાર મોડેલના ભાવમાં વધારો થયો છે તે સમયે અત્યાર સુધી ૮.૬૫ થી ૮.૮૫ ટકા અને ૧૦ ટકા સુધી પહોંચી ગયેલા




પર્સનલ લોન અને કાર લોનના વ્યાજદરમાં વધારો થઈ શકે છે.

આઈડીએફસી બેંકે પર્સનલ લોનના વ્યાજદર ૧૦.૭૫ ટકા અને કર્ણાટક બેંકે ૧૪.૨૮ ટકા કર્યા છે. જો કે હોમલોનમાં બેંકો હાલ કોઈ વ્યાજદર વધારો નહી કરે.

# આવકવેરા વિભાગમાં ભરતી જાહેર, ૧૯ જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે, ૧૨ પાસ માટે પણ તક


## આવકવેરા વિભાગ દ્વારા કુલ ૨૯૧ જગ્યાઓ ભરાશેઃ અરજી કરવાની છેલ્લી તારીખ ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરા વિભાગ મુંબઈ દ્વારા ૨૯૧ જગ્યાઓ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતી સ્પોર્ટ્સ ક્વોટા હેઠળ કરવામાં આવશે. ભરતી માટે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા શરુ કરી દેવામાં આવી છે, જે ૧૯ જાન્યુઆરી, ૨૦૨૪ સુધી ચાલુ રહેશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ છેલ્લી તારીખ પહેલા ફોર્મ ભરી શકે છે. ફોર્મ ભરવા માટે તેમજ વધુ માહિતી માટે અધિકૃત વેબસાઈટની મુલાકાત લઈ ફોર્મ ભરી શકે છે.

અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ વિભાગની અધિકૃત વેબસાઈટ incometaxmumbai.gov.in પર જઈ અરજી માટેની લિંક ઓપન કરી ફોર્મ ભરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૯ જાન્યુઆરી ૨૦૨૪ છે.

આવકવેરા વિભાગ ભરતી ૨૦૨૪ માટે ઓનલાઇન ફોર્મ ભરવા માટેની લિંક




આ ભરતીમાં ઈન્કમ ટેક્સ વિભાગ, મુંબઈ વિભાગની કુલ ૨૯૧ જગ્યાઓ ભરવામાં આવશે. જેનું વિવરણ આ પ્રમાણે છે.

ઈન્સપેક્ટર ઓફ ઈન્કમ ટેક્સ (ITI): ૧૪ જગ્યાઓ

સ્ટેનોગ્રાફર ગ્રેડ II (સ્ટેનો) : ૧૮ પોસ્ટ્સ

ટેક્સ આસિસ્ટન્ટ (TA): ૧૧૯ જગ્યાઓ

મલ્ટી ટાસ્કીંગ સ્ટાફ (MTS): ૧૩૭ જગ્યાઓ

કેન્ટીન એટેન્ડન્ટ (CA): ૩ જગ્યાઓ

આ ભરતી માટે ઉમેદવારોએ પોસ્ટ મુજબ મેટ્રિક અથવા સમકક્ષ/ ૧૦+૨/ સ્નાતક પાસ હોવા જોઈએ. આ ઉપરાંત સ્પોર્ટ્સ ક્વોટા હેઠળ નિર્ધારિત લાયકાત ધરાવતા હોવા જોઈએ. આ સાથે ઉમેદવારોની લઘુત્તમ ઉંમર ૧૮ વર્ષ અને વધુમાં વધુમાં ૨૫/૨૭/૩૦ વર્ષ હોવી જોઈએ. અનામત વર્ગમાં આવતાં ઉમેદવારોને ઉંમરમાં છૂટછાટ મળવા પાત્ર છે. તેના માટે ઉમેદવારોએ વિભાગની અધિકૃત વેબસાઈટ પર જવાનું રહેશે.

અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ વિભાગે નક્કી કરેલ ફી ભરવાની રહેશે. જેમા દરેક વર્ગના ઉમેદવારો માટે ૨૦૦ રુપિયા ફી નક્કી કરવામાં આવી છે. ઉમેદવારે અરજી ફી ઓનલાઈન માધ્યમથી ભરી શકશો.

# ગાંધીનગરમાં દેશનો સૌથી મોટો ગ્લોબલ ટ્રેડ શો યોજાશેઃ કાલે વડાપ્રધાનના હસ્તે ઉદ્ઘાટન

## વિશ્વના ૨૦ દેશોના સંશોધન ક્ષેત્રોના ૧૦૦૦થી વધુ પ્રદર્શકો આ ટ્રેડ શોનો હિસ્સો બનશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યમાં દર બે વર્ષે યોજાતા ૧૦મા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આગામી તા. ૦૯ થી ૧૩ જાન્યુઆરી ૨૦૨૪ દરમિયાન હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે 'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ટ્રેડ શો'- ૨૦૨૪ યોજાશે.

બે લાખ ચોરસ મીટર વિસ્તારમાં પ્રદર્શન અને સ્ટોલ ધરાવતા ભારતના આ સૌથી મોટા ગ્લોબલ ટ્રેડ-શોનું તા.૦૯ જાન્યુઆરીના રોજ સાંજે ૦૩.૦૦ કલાકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે.

આ ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત દેશ- વિદેશના મહાનુભાવો,ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. આ ગ્લોબલ ટ્રેડ શો તા.૧૦-




૧૧ જાન્યુઆરીએ બિઝનેસ વિઝટર્સ માટે જ્યારે તા. ૧૨-૧૩ જાન્યુઆરીએ જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

૧૦મા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪ અંતર્ગત યોજાતા આ ગ્લોબલ ટ્રેડ -શોમાં ઓસ્ટ્રેલિયા, તાંઝાનિયા, મોરોક્કો, મોઝામ્બિક, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, એસ્ટોનિયા,બાંગ્લાદેશ,સિંગાપોર, UAE -સંયુક્ત આરબ અમીરાત, યુકે, જર્મની, નોર્વે, ફિનલેન્ડ, નેધરલેન્ડ, રશિયા,રવાન્ડા, જાપાન, ઈન્ડોનેશિયા અને વિયેતનામ એમ કુલ ૨૦ દેશો આ પ્રદર્શનમાં પોતાના દેશોના ઉદ્યોગોની માહિતી પ્રદર્શિત કરશે. જેમાં સંશોધન ક્ષેત્રના અંદાજે ૧,૦૦૦થી વધુ પ્રદર્શકો સહભાગી થશે જે વિવિધ ક્ષેત્રોમાં થઇ રહેલા સંશોધનો અને નવીનતાઓને રજૂ કરશે. ટ્રેડ શોમાં વિઝિટીંગ તરીકે ૧૦૦ દેશો જ્યારે પાર્ટનર તરીકે ૩૩ દેશો ભાગ લઈ રહ્યા છે.

આ ટ્રેડ શોમાં એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, ઓટોમોબાઈલ અને ઓટો કમ્પોનન્ટ્સ, સિરામિક્સ, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ,જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ,પોર્ટ્સ અને મરીન જેવા ક્ષેત્રોમાં અત્યાધુનિક ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. ટેક્સટાઇલ્સ અને ગાર્મેન્ટ,ઇલેક્ટ્રિક વાહનો, ગ્રીન હાઇડ્રોજન,એરક્રાફ્ટ અને આનુષંગિક ઉદ્યોગો,નવીનીકરણીય ઊર્જા, સેમિકન્ડક્ટર અને ઊજઉખ ફિનટેક, સાયબર સુરક્ષા, અઈ, મશિન લર્નિંગ સહિતના ઉદ્યોગો આ ટ્રેડ શોના આકર્ષણના કેન્દ્રો રહેશે. ટ્રેડ-શોમાં કુલ વિસ્તારનું ૧૦૦ ટકા બુકિંગ પૂર્ણ થયું છે.

આ ઉપરાંત ટ્રેડ શોમાં કુલ-૧૩ હોલમાં 'મેઈક ઇન ગુજરાત', 'આત્મનિર્ભર ભારત' સહિત વિવિધ ૧૩ થીમ નક્કી કરાઇ છે.વડાપ્રધાનના 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને ચરિતાર્થ કરવા અંદાજે ૪૫૦ ખજખણ એકમો સહભાગી થઈ રહ્યા છે.

# ૧ માર્ચથી થઈ રહ્યો છે GSTના નિયમોમાં મોટો ફેરફાર, સામાન એક્સપોર્ટ કરનારા વેપારીઓની ચિંતા વધી!

## ટેક્સ પેમેન્ટમાં પારદર્શિતા લાવવા માટે સરકારે હવે નિયમોમાં ફેરફાર કરીને ઈ-વે બિલ માટે ઈ-ઈનવોઈસ ફરજિયાત કરી દીધુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે GSTના નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. હવે ૫ કરોડ રૂપિયાથી વધુનો બિઝનેસ કરનારા બિઝનેસમેન ઈ-ઈનવોઈસ વિના ઈ-વે બિલ જનરેટ નહીં કરી શકશે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના નિયમો પ્રમાણે ૫૦,૦૦૦ રૂપિયાથી વધુની કિંમતનો માલ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં લઈ જવા માટે વેપારીઓને ઈ-વે બિલ હોવું ફરજિયાત છે. આવી સ્થિતિમાં હવે આ બિલને ઈ-ઈનવોઈસ વિના જનરેટ કરી શકાશે નહીં. આ નિયમ ૧ માર્ચ ૨૦૨૪થી લાગુ થઈ જશે.

તાજેતરમાં જ નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરને પોતાની તપાસમાં જાણવા મળ્યું




હતું કે ઘણા એવા ટેક્સપેયર્સ છે જેઓ બિઝનેસ ટુ બિઝનેસ અને બિઝનેસ ટૂ એક્સપોર્ટ ટ્રાન્જેક્શન માટે ઈ-ઈનવોઈસ વિના જ ઈ-વે બિલ જનરેટ કરી રહ્યા છે જે નિયમોનું ઉલ્લંઘન છે. ઘણી વખત એ પણ જોવા મળ્યું છે કે, આ બિઝનેસના ઈ-વે બિલ અને ઈ-ઈનવોઈસ મેચ નથી થતા. આવી સ્થિતિમાં ટેક્સ પેમેન્ટમાં પારદર્શિતા લાવવા માટે સરકારે હવે નિયમોમાં ફેરફાર કરીને ઈ-વે બિલ માટે ઈ-ઈનવોઈસ ફરજિયાત કરી દીધુ છે.

નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરે GST ટેક્સપેયર્સને આદેશ જારી કરતા કહ્યું છે કે, હવે તેઓ ઈ-ઈનવોઈસ વિના ઈ-વે બિલ જનરેટ નહીં કરી શકશે. આ નિયમ ૧ માર્ચ ૨૦૨૪થી લાગુ થઈ જશે. આ નિયમ માત્ર ઈ-ઈનવોઈસના પાત્ર ટેક્સપેયર્સ માટે જ લાગુ થશે. બીજી તરફ ગઈઈ એ સ્પષ્ટ કરી દીધું છે કે ગ્રાહકો અને અન્ય પ્રકારના ટ્રાન્જેક્શન માટે ઈ-વે બિલ જનરેટ કરવા માટે ઈ-ઈનવોઈસની આવશ્યકતા નથી. આવી સ્થિતિમાં આ ઈ-વે બિલ પહેલાની જેમ જ જનરેટ થતા રહેશે. આનો અર્થ એ કે બદલાયેલા નિયમોની ગ્રાહકો પર કોઈ અસર નહીં થશે.

# કૃષિ ક્ષેત્રનો વિકાસ દર સાત વર્ષની નીચી સપાટીએ રહેશે

## દેશના એકંદર આર્થિક વિકાસ માટે કૃષિ વિકાસનું મહત્વ ઘણું વધારે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

નબળી ખરીફ લણણી ઉપરાંત રવિ વાવેતરમાં પ્રારંભિક મંદ ગતિને જોતા નાણાં વર્ષ ૨૦૨૪માં દેશના કૃષિ ક્ષેત્રનો વિકાસ દર ૧.૮૦ ટકા સાથે સાત વર્ષની નીચી સપાટીએ રહેવા અંદાજ મુકાયો છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસના પ્રથમ એડવાન્સ અંદાજમાં આ ધારણાં મૂકવામાં આવી છે. દેશના આર્થિક વિકાસ દરમાં કૃષિ ક્ષેત્રનું મહત્વ નોંધપાત્ર રહે છે. જો કે વિકાસ દરના આંકડા હજુ સ્પષ્ટ કહી ન શકાય કારણ કે તે પાંચથી છ મહિનાની સ્થિતિને આધારે મૂકવામાં આવ્યું છે, ખરું ચિત્ર ફેબ્રુઆરી બાદ સ્પષ્ટ થઈ શકશે, કૃષિ ક્ષેત્રના નિષ્ણાતો જણાવી રહ્યા છે.

નાણાં વર્ષ ૨૦૨૪માં કૃષિ ક્ષેત્રનો વિકાસ દર ૩થી ૩.૫૦ ટકા આસપાસ રહેવાની ધારણાં રાખવામાં આવી હતી પરંતુ પ્રથમ અંદાજનું ચિત્ર નિરાશાજનક જણાય રહ્યું છે.



ગયા વર્ષમાં ચોમાસુ નબળું અને અનિશ્ચિત રહેતા મોટાભાગના ખરીફ પાકના ઉત્પાદનમાં ઘટ જોવા મળી રહી છે એટલું જ નહીં રવિ વાવેતરમાં પ્રારંભમાં ધીમી ગતિ રહી હતી અને મુખ્ય રવિ કઠોળ ચણાની વાવણી ઓછી જોવા મળી રહી છે. જમીનમાં ભેજના નીચા પ્રમાણને કારણે ચણાના વાવેતર પર અસર પડી છે.

દેશની પચાસ ટકા વસતિ કૃષિ તથા તેને સંલગ્ન ક્ષેત્ર સાથે સંકળાયેલી હોવાથી કૃષિ ક્ષેત્રનો વિકાસ મહત્વનો બની રહે છે. કૃષિ ક્ષેત્રમાં નીચી આવકની અસર મોટાભાગના ક્ષેત્ર પર પડતા વાર નથી લાગતી.

મુખ્ય ખરીફ પાક ચોખાનું ઉત્પાદન નીચું રહેવા ધારણાં મૂકવામાં આવી છે. ૨૦૨૨-૨૩માં ૧૧.૦૫ કરોડ ટનની સામે ૨૦૨૩-૨૪માં ચોખાનું ઉત્પાદન ૩.૮૦ ટકા જેટલું નીચું રહી ૧૦.૬૩ કરોડ ટન રહેવા ધારણાં છે.

આ ઉપરાંત મગ, અડદ, સોયાબીન તથા શેરડી સહિતના મોટાભાગના ખરીફ પાકનું ઉત્પાદન નીચું જોવા મળશે. પાંચમી જાન્યુઆરી સુધીમાં રવિ પાકનો વાવેતર વિસ્તાર ગયા વર્ષના આ ગાળાની સરખામણીએ ૧.૨૪ ટકા નીચો રહ્યો છે.

સિંગદાણા બજારના સૂત્રોના જણાવ્યા મુજબ મકર સંક્રાંતિ તથા ઉતરાણના તહેવારો નજીક આવતા સિંગદાણા બજારમાં ખાસ કરીને ચીક્કી બનાવતા ઉત્પાદકોની માગ વધી છે. દેશમાં મસ્ટર્ડ- સરસવનું રવિ પાકનું વાવેતર વધતાં તેલીબિયાંનું કુલ વાવેતર રવિ મોસમમાં અત્યાર સુધીના ગાળામાં વધી ૧૦૭ લાખ ૨૧ હજાર હેકટર્સ જેટલા વિસ્તારમાં થયાના સમાચાર મળ્યા હતા. મસ્ટર્ડ સરસવનું વાવેતર વધી ૯૮ લાખ ૮૬ હજાર હેકટર્સમાં થયું છે.

# મોરબીમાં રીક્ષામાં વિદેશી દારૂની હેરાફેરી કરતો બનાસકાંઠા જિલ્લાનો બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના આંદેણા ગામ નજીક ઓટોરીક્ષામાં વેચાણ કરવાને ઇરાદે વિદેશી દારૂની હેરાફેરી કરતા બનાસકાંઠા જીલ્લાના વડા ગામના એક શખ્સની મોરબી તાલુકા પોલીસે અટક કરી છે. આ સાથે પોલીસે ઓટોરીક્ષા તથા દારૂનો જથ્થો જપ્ત કરી આરોપી વિરુદ્ધ પ્રોહી.નો ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર મોરબી તાલુકા પોલીસ ટીમે મોરબી-હળવદ રોડ ઉપર આંદેણા ગામની સીમ નજીક આવેલ રામદેવ હોટલ સામેથી ઓટોરિક્ષા જીજે-૨૪-ડબ્લ્યુ-૮૧૪૨ માં વિદેશી દારૂની ગ્રીન લેબલ બ્લેન્ડ વ્હિસ્કીની બોટલ નંગ ૯૨ની વેચાણ કરવાને ઇરાદે હેરાફેરી કરતા ભરતસિંહ અભેસિંહ વાઘેલા જાતે દરબાર ઉ.વ.૩૬ ધંધો-ડ્રાઇવિંગ રહે-વડા તા-કાંકરેજ પો.સ્ટે.-થરાદ જી-બનાસકાંઠાને ઝડપી લઇ આરોપી વિરુદ્ધ પ્રોહી. હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગમાં ચાલુ રિક્ષામાં વૃદ્ધની નજર ચૂકવી 30 હજાર સેરવી લેનાર બે શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષના વૃદ્ધની નજર ચૂકવી રિક્ષા ગેંગે ૩૦ હજાર સેરવી લીધાની ઘટના સામે આવી હતી. જે કેસમાં પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.આ બનાવની વિગત એવી છે કે, જામનગરના ગોકુલ નગરવિસ્તારમાં શાયોના શેરી નંબર -૪ માં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા પરસોત્તમભાઈ જેઠાભાઈ માંડવીયા નામના ૮૦ વર્ષના વૃદ્ધ મુખ્ય પોસ્ટ ઓફિસે પોતાના બચતના નાણા ઉપાડવા માટે હતા. માંડવી ટાવરથી રિક્ષામાં બેઠા પછી તેઓ પોતાના ઘેર પહોંચ્યા હતા. આ દરમિયાન



ખિસ્સામાંથી રૂપિયા ૩૦ની રકમ ગાયબ થઈ હોવાનું જાણવા મળ્યું હતું, તેથી પરસોત્તમભાઈ માંડવીયા તુરંત જ જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં પહોંચ્યા હતા અને ચાલુ રિક્ષામાં પોતાના ખિસ્સામાંથી રોકડ ગાયબ થઈ ગઈ હોવાનું જણાવ્યું હતું.જેના અનુસંધાને સીટી એ. ડિવિઝન પોલીસે માંડવી ટાવરથી લઈને આસપાસના વિસ્તારના સીસીટીવીના આધારે એસ.ટી. ડેપો પાસેથી રિક્ષા શોધી કાઢી આરોપી ઘનશ્યામ ઉર્ફે રમણીક મકવાણા અને સંજય ગોવિંદભાઈ વાઘેલાને ઝડપી લીધા છે. પોલીસે બંનેના કબજામાંથી રૂપિયા ૩૦ હજારની રોકડ રકમ અને રિક્ષા કબજે કરી છે.

# ભાયાવદરમાં સેવાભાવી ગ્રુપ દ્વારા ગાયો માટે ૭૦ મણ લાડવા અને શ્વાન માટે ૨૦ કિલો બિસ્કીટનુ વિતરણ કરવામા આવ્યું

**મુખ્ય સમાચાર, વિજય રાડીયા**

ઉપલેટા તાલુકાના ભાયાવદર શહેર માં આવેલ સેવાભાવી ગ્રુપ દ્વારા આજે ૧૨ માં વર્ષે પણ મકરસંક્રાત પર્વ પર અબોલ જીવો માટે ૭૦ મણ ગાયો માટે લાડવા તેમા ૮ કટા ઘવ ૮ ડબા ગોળ ૮ ડબા તેલ ૫ કિલો તલ નાખી પટેલ સમાજ મા જાતે જ લાડવા બનાવી ને આખા શહેર મા ટ્રેક્ટર ભરીને વિતરણ કરવામા આવેલ છે આ ગુપ સતત ૧૨ વર્ષ થી આ સેવા કાર્ય કરે છે સાથે આ ગુપ ના દરેક મિત્રો આનો ખર્ચ કરે છે શહેર માથી કોઈ પણ જાત નો ફાળો ઉઘરાવવામા આવતો નથી આ વર્ષ ભાયાવદર પાંજરાપોળ તરફ થી દવા અબોલ પશુ ઓને રોગ મા રાહત આપતી



દવા પણ આ લાડવામા ભેળવી ને ખવરાવવામા આવેલ હતી સાથે ૨૦ કિલો બીસકીટ કુતરા ના ગલુડીયા ઓને પણ ખેડા વી ને પુણ્ય નુ કામ કરવા મા આવેલ આ લાડવા બનાવવા માટે પટેલ સમાજ પણ ફ્રી મા આપે છે સંજય ભાઇ ઢઢાણીયા તરફ થી ટ્રેક્ટર પણ ફ્રી આપેલ છે આ ગુપ મા ૭૦ યુવાનો છે જેમા નયનભાઇ જીવાણી ચંદ્રેશ વાછાણી કાનતીભાઇ ઝાલાવડીયા કારાભાઇ બરોચીયા જગદિસ પરસાણીયા જીતુભાઇ ઘેટીયા કેસી ભોજાણી જગદિસ ભાઇ સામાણી જેમીન મકવાણા સહીત કુલ ૭૦ યુવાનો આ પુણ્ય નુ કાર્ય કરે છે શહેર ના લોકો આ સેવાભાવી ગુપ નુ કાર્ય જોઈ ને તેની પસંસા કરે છે મકર સંકારત પર્વ પર અબોલ પશુ ને એક ટ્રેક્ટર લીલી મકાઇ પણ આ ગુપ તરફથી નાખવામા આવશે.

# મોરબીના નાની વાવડી ગામે પ્રધાન મંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

નાની વાવડી મુકામે નરેન્દ્ર મોદી વિચાર મંચ મંત્રી દ્વારકેશભાઈ કુંભરવાડીયા દ્વારા પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પને ૬૬ ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.આ તકે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા,મોરબી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ નિર્મલભાઇ જારિયા,જિલ્લા પંચાયત સદસ્ય જયંતીભાઈ પડસુંબિયા,મોરબી જિલ્લા ભાજપ સોશિયલ મીડિયા સહ ઇન્ચાર્જ વિજયભાઈ ગજીયા,મોરબી જિલ્લા નરેન્દ્ર મોદી વિચાર મંચ મંત્રી દ્વારકેશભાઇ




કુંભરવાડીયા,તાલુકા પંચાયત સદસ્ય પરેશભાઈ રૂપાલા,માળિયા તાલુકા યુવા ભાજપ પૂર્વ પ્રમુખ હિતેશભાઈ દસાડીયા તથા નાની વાવડી ગ્રામ પંચાયતના સરપંચ તથા સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.આ યોજનાથી અનેકાનેક લોકો સુમાહિતગાર થયાં હતાં.આ તકે દ્વારકેશભાઈ કુંભરવાડીયા સાથે વાત કરતા તેઓ દ્વારા જણાવવામાં આવ્યું હતુંકે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાહેબની દરેક યોજના ઘર ઘર સુધી પહોંચે અને દરેક લોકો તેનો લાભ મેળવે અને સુમાહિતગાર થાય એ જ નરેન્દ્ર મોદી વિચાર મંચનો ઉદ્દેશ્ય છે.

# મોરબીમાં ઉમા ટાઉનશીપમાં યોજાયેલ નિઃશુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પમાં ૭૦થી વધુ દર્દીઓએ લાભ લીધો

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** મોરબીમાં સામાકાંઠે રાહત દરે કાર્યરત સંસ્કાર ફિઝીયોકેર સેંટર અને ઉમા ટાઉનશીપ પરીવારના સંયુક્ત ઉપક્રમે ગઇકાલે તા.૭ ને રવિવારના રોજ નિ:શુલ્ક ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦થી વધુ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયાએ વિશેષ હાજરી આપી હતી. આ કેમ્પમાં ફિઝીયોથેરાપી સેન્ટરના હેડ ડો.કેશા અગ્રવાલ મગજ અને મણકાની તકલીફનાં નિષ્ણાત માસ્ટર ઓફ ફિઝીયોથેરપી MPT



(Neuro.),BPT, MIAP) તથા તેમની ફીઝીયોથેરાપી ટીમે સેવા આપી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે જે.પી.જેસવાણી, મનુભાઈ જકાસણીયા તથા ઉમા ટાઉનશીપ પરીવારના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# મોરબીના અધિક કલેક્ટર તરીકે એસ.જે.ખાચર નિમાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્ય સરકાર દ્વારા જીએએસ કેડરના અધિકારીઓની બદલી કરાઈ છે. ત્યારે મોરબી અધિક કલેક્ટર તરીકે એસ.જે.ખાચરની નિમણુંક કરાઇ છે.

રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ



બદલી ઓર્ડર અંતર્ગત રાજકોટના એડિશનલ કલેક્ટર એસ.જે.ખાચરને એડિશનલ કલેક્ટર મોરબી ખાતે બદલી કરવામાં આવી છે. આ અગાઉ પણ એસ.જે.ખાચર મોરબી પ્રાંત અધિકારી તરીકે પણ ફરજ બજાવી ચુક્યા છે.

# જામનગરમાં સત્યમ કોલોની વિસ્તારમાં થયેલી મોટર સાયકલ અને રોકડ ચોરીનો ભેદ ઉકેલાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સત્યમ કોલોની વિસ્તારમાં થયેલી મોટર સાયકલ અને રોકડ ચોરીનો ભેદ ઉકેલી પોલીસે બે આરોપીને પકડી પાડયા છે. મહિલા સહિત બે આરોપી હજુ ફરાર હોય પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. આરોપી પાસેથી પોલીસે વાહન અને રોકડા રૂ.૧૩૦૦૦૦ કબ્જે કરી વધે તપાસ હાથ ધરી છે.જામનગરમાં થોડા દિવસો પૂર્વે સત્યમ કોલોની એરફોર્સ ગેઇટ-૨ પાસેથી મોટર સાયકલ અને રોકડ મળી કુલ રૂ.૨.૫૦ લાખની ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાઇ



હતી. આથી પોલીસે આ બનાવની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમ્યાન ગોકુલનગર સાંઢિયા પુલ નીચે ચોરી થયેલું મોટરસાયકલ લઇને બે શખ્સો આવતા હોવાની બાતમી પોલીસને મળી હતી. આથી પોલીસે વોચ ગોઠવી ચોરાઉ મોટર સાયકલ સાથે દિવ્યેશ ઉર્ફે દિવુભા મુછડી વાઘેલા(રે.પટેલ પાર્ક) અને સિધ્ધરાજસિંહ નવલસિંહ કંચવા (રે.ગુલાબનગર) ને પકડી પાડી પૂછપરછ હાથ ધરતા બંનેએ ચોરી કર્યાની કબૂલાત આપી હતી. આથી પોલીસે ચોરાઉ મોટરસાયકલ અને રોકડા રૂ.૧૩૦૦૦૦કબ્જે કર્યા હતાં. બનાવમાં જીન્સીબેન પીયુષભાઇ પીઠડીયા અને નયન પ્રફુલભાઇ પટેલના નામ ખૂલતા પોલીસે બંનેની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાંથી એક નિંદ્રાધિન યુવાનનો મોબાઇલ ફોન ચોરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે આવેલા એક યુવાનનો મોબાઇલ ફોન ચોરી થઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.જામનગરમાં હર્ષદમિલ ની ચાલી વિસ્તારમાં રહેતો ધનરાજભાઈ વિજયભાઈ ડોડીયા નામનો ૨૨ વર્ષનો યુવાન જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ થયેલા પોતાના સંબંધીની મદદ માટે આવ્યો હતો અને જી.જી. હોસ્પિટલના બર્ન્સ વોર્ડ ની લોબીમાં સૂતો હતોજે



દરમિયાન નિંદ્રાધીન અવસ્થામાં તેનો મોબાઈલ ફોન કોઈ તસ્કર ચોરી કરી લઈ ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે. જે મામલે સીટી બી.ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# જામનગર મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં. ૧ થી ૮માં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા નવમા તબક્કાનો વોર્ડ નં. ૧ થી ૮ નો સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. શહેરના ટાઉનહોલમાં મેયર, ધારાસભ્ય, ડેપ્યુટી મેયર, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી વગેરેના હસ્તે આ સેવાસેતુ કાર્યક્રમને દીપ પ્રાકટ્ય કરીને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. જામનગર મહાનગરપાલિકા કચેરીના જુદા



જુદા વિભાગ અને કલેક્ટર કચેરી હસ્તકની સેવાઓ માટેના અનેક સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતાં. જ્યાં એક જ સ્થળેથી તમામ પ્રકારની સુવિધાનો લાભ લોકોએ લીધો હતો. જેમાં વરિષ્ઠ નાગરિક, દિવ્યાંગ પ્રમાણપત્ર, પાંચ વર્ષ સુધીના બાળકોના આધાર કાર્ડ, નામ ટ્રાન્સફર, મિલકતવેરા આકારણી, રાશન કાર્ડમાં નામ સુધારવા સહિતની સેવાનો લોકોએ લાભ લીધો હતો.

# મોરબીમાં ઇંગ્લીશ મિડિયમ સ્કૂલ દ્વારા વાર્ષિક કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

તારીખ ૬ જાન્યુઆરી શનિવારના રોજ નવયુગ પ્રેપ સેક્શન નવયુગ ઇંગ્લીશ મીડીયમની ત્રણેય બ્રાન્ચના એન્યુઅલ ફંકશન નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાના નાના બાળકોએ

અલગ અલગ થીમ પર પોતાની પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું જેમકે સોશિયલ મેસેજ થીમ, પ્રી સ્કૂલની શિક્ષણ પદ્ધતિ થીમ , એન્ટરટેનમેન્ટ થીમ ઉપરાંત સ્વર્ગ ની યાત્રા પણ કરાવી દીધી આ સાથે સાથે ઘણા સ્ટુડન્ટ્સે એન્કરીંગ કરીને આટલી નાની ઉંમરે એક પ્રતિભાશાળી વક્તા જેવું પ્રદર્શન કર્યું હતું આ ઉપરાંત સ્કૂલના બાળકોના મમ્મીઓ એ પણ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને ખુબ સરસ કૃતિનું પર્ફોમન્સ કહ્યું હતું, આ તમામ પ્રોગ્રામને સફળ બનાવવા માટે ડિરેક્ટર દુષ્યંતભાઈ પટેલ અને પ્રિન્સિપલ



મંજુબેન પરેચાના નેતૃત્વ હેઠળ નવયુગ પ્રેપ સેક્શનની ત્રણેય સ્કુલના તમામ કોર્ડીનેટર અને ટીચર્સ નવયુગ એકેડમીના તમામ સ્ટાફ મિત્રોએ કાર્યક્રમ ને સફળ બનાવવામાં ખુબ મહેનત કરી હતી

આ કાર્યક્રમ માં પ્રમુખશ્રી કાંજીયા સાહેબ,રંજનબેન કાંજીયા,ડો. સતિષભાઈ પટેલ,હંશરાજભાઈ ગામી, રાજેશભાઈ કુંડારીયા, જીતુભાઇ એરવાડીયા, ડો. દીપકભાઈ અઘારા, ડો. તૃપ્તિ સવારીયા એ ઉપસ્થિત રહી સ્ટાફ અને બાળકો ને પ્રોત્સાહિત કર્યા હતા અને તમામ પેરેન્ટ્સનો પણ ખૂબ સપોર્ટ રહ્યો હતો

# રાજુલા તાલુકા યુવા ભાજપ પ્રમુખ તરીકે વીરભદ્રભાઈ ડાભીયાની વરણી કરવામા આવી

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયાના માર્ગદર્શન મુજબ પ્રશાંતભાઈ કોરાટ( પ્રમુખ પ્રદેશ યુવા મોરચો) તેમજ અમરેલી જીલ્લા યુવા મોરચો પ્રભારી જયભાઈ શાહ સાથે સંકલન કરી અમરેલી જીલ્લા યુવા મોરચાના પ્રમુખ ચેતનભાઈ શિયાળ દ્વારા રાજુલા તાલુકા યુવા ભાજપના પ્રમુખ તરીકે વીરભદ્રભાઈ ડાભીયાની વરણી કરવામાં આવતા ધારાસભ્ય



હીરાભાઈ સોલંકી,પ્રદેશ ભાજપના રવુભાઈ ખુમાણ,જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમૂખ વનરાજભાઈ વરૂ,સંજયભાઈ ધાખડા, મહેન્દ્રભાઈ ધાખડા,પરેશભાઈ લાડુમોર,હરસુરભાઈ,પ્રદીપભાઈ લાડવા,ડો.વિપુલભાઈ બાવળીયા,અક્ષયભાઈ ધાખડા,જયરાજભાઇ જે ડી સહિતના ભાજપના કાર્યકર્તાઓ દ્વારા અભિનંદન પાઠવવામા આવ્યા હતા

# નારણકા ગામના ઉપસરપંચ પુજાબેન મેરજાનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના નારણકા ગ્રામ પંચાયતના ઉપસરપંચ પુજાબેન નિલેશભાઈ મેરજાનો આજે જન્મદિવસ છે. તેઓ નારણકા ગામના વિકાસલક્ષી કાર્યો તથા ધાર્મિકકાર્યમાં અગ્રેસર રહે છે. આજે તેમના જન્મદિવસ નિમિત્તે સગા-સંબધીઓ જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.



# બ્રહ્મસમાજ યુવક મંડળ ટ્રસ્ટ મોરબીના નવા પ્રમુખ તરીકે અમિતભાઈ પંડયાની વરણી



**મુખ્ય સમાચાર, મોરબી**

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ યુવક મંડળ ટ્રસ્ટના ટ્રસ્ટી મંડળની મિટિંગ તા. ૦૬/૦૧/૨૦૨૪ ના રોજ કાર્યાલય ભવન, ભવાની ચોક, મોરબી ખાતે રાખવામાં આવેલ હતી. જેમાં આગામી બે વર્ષના સમયગાળા માટે સર્વાનુમતે નવા પ્રમુખ, ઉપપ્રમુખની નિમણુંક તથા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવેલ હતી.

જેમાં પ્રમુખ તરીકે અમિતભાઈ જે.પંડ્યા, મહામંત્રી તરીકે પ્રણવભાઈ એમ. ત્રિવેદી, ઉપપ્રમુખ તરીકે મુકેશભાઇ એમ.દવે, ઉપપ્રમુખ તરીકે મનોજભાઈ એચ.પંડ્યા, સહમંત્રી તરીકે વિમલભાઈ એ.જોશી, ખજાનચી તરીકે હરીશભાઇ એમ.દવે ની નિમણુંક કરવામાં આવી છે.ઉપસ્થિત રહેલા સર્વે ટ્રસ્ટીઓ તથા બ્રહ્મ અગ્રણીઓએ નવા તમામ હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા.

# અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ નિમિતે હિતત ચેરીટેબલ ટ્રસ્ટ અને NIMA મોરબી દ્વારા ચેકઅપ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, જયેશ બોખાણી**

**મોરબી:** શતાબ્દી પુરુષ, નિષ્કપટ, વિદ્યાવાન, પ્રખર વિચારક, વિનમ્ર જનનેતા, પૂર્વ પ્રધાનમંત્રી, ભારત રત્ન અટલજીનાં જન્મદિવસ નિમિતે ગઈખઅ-મોરબી અને હિતમ્ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારાજા લખધીરજી એન્ડાઉમેન્ટ ટ્રસ્ટ સંચાલિત મા.બા. અનાથાશ્રમ ખાતે બધા વડીલોનું નિ:શુલ્ક બ્લડ સુગર, યુરીન સુગર, બ્લડ પ્રેશર અને જનરલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં હિતમ ચેરીટેબલ ટ્રસ્ટ અને ગઈખઅ મોરબીનાં પ્રમુખ ડો. હાર્દિક જેસ્વાણી અને ગઈખઅ મોરબીનાં મંત્રી ડો. સંજય નિમાવતે સેવા આપેલ. લખધીરજી ટ્રસ્ટના સેક્રેટરી મહેન્દ્રભાઈ પોપટના સહકારથી સમગ્ર આયોજન કરવામાં આવેલ હતું.



# એથ્લેટીક ટ્રેક-સ્નાનાગારની સભ્યપદ ફી વધારવાની દરખાસ્ત ફગાવતી સ્ટેન્ડીંગ કમિટી

## વોર્ડ નં.૫ માં શાળા નં.૭૨ માં બાંધકામ તેમજ પેટ્રોલ પંપ માટે જગ્યા ફાળવવાની દરખાસ્ત પેન્ડીંગ રખાઈઃરાજકોટ મનપાની સ્ટે.કમિટીની બેઠકમાં ૪૭.૮૮ કરોડની દરખાસ્તના વિકાસકામોની લીલીઝંડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મનપાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળી હતી. જેમાં કમિશ્નર દ્વારા સુચવવામાં આવેલ એથ્લેટીક ટ્રેક, સ્નાનાગાર સભ્યપદમાં ફીના દરો વધારવાની દરખાસ્ત સ્ટેન્ડીંગ કમિટી દ્વારા ફગાવવામાં આવ્યા હતા. તે જ રીતે મનપા હસ્તકના જીમની સભ્યપદ ફી ના દરો રીવાઈઝડ કરવા અંગેની દરખાસ્ત પણ નામંજૂર કરાઈ હતી. આ સાથે શહેરના વોર્ડ નં.૫માં આવેલ શાળા નં.૭૨ નું નવું બાંધકામ કરવા અંગે એજન્સી તરફથી ૨.૮૦ કરોડનું બજેટ રખાયું હતું. જે પણ વધુ લાગતા હાલ આ દરખાસ્ત પેન્ડીંગ રખાઈ છે. વધુમાં રાજકોટ મનપાની હદમાં આવેલ ટી.પી.સ્કીમના અનામત પ્લોટમાં પેટ્રોલ પંપ બનાવવા જમીન ૭.૫ કરોડમાં વેંચાણથી આપવાની દરખાસ્ત પણ પાર્ટી દ્વારા ઓછો ભાવ ચૂકવાતો હોવાનું જણાતા આ દરખાસ્ત પણ પેન્ડીંગ રાખી દેવામાં આવી છે.

આજે મળેલી સ્ટેન્ડીંગની બેઠકમાં ૪૭.૮૮ કરોડના વિકાસ કામોને લીલીઝંડી અપાઈ હતી. તો બીજી તરફ માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડમાં વિકેટની ફાળવણી અંતર્ગત, વાહન વેંચાણ તેમજ બાયો સી.એન.જી.પ્લાન્ટમાં ઉત્પન્ન થતા ઓર્ગેનિક વેસ્ટને પ્રોસેસીંગ કરવા પાછળ દર વર્ષે એક કરોડ થી વધુ આવક મનપાને થનાર છે. આમ ત્રણ દરખાસ્ત પાછળ કુલ આવક ૧.૧૯ કરોડ વર્ષ દરમિયાન મહાપાલીકાને મળશે.

આજે મળેલી બેઠકમાં શહેરમાં જુદા-જુદા વિસ્તારોમાં પેવિંગ બ્લોક નાખવા પાછળ ૩૫.૩૨ લાખ, રસ્તાકામ પાછળ ૯.૧૮ કરોડ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ પાછળ ૨૦.૯૯ કરોડ, પમ્પીંગ સ્ટેશન માટે ૨.૯૯ કરોડ, બિલ્ડીંગ કામ માટે ૪.૧૬ કરોડ જ્યારે વોટર વર્કસ માટે ૪૬.૧૪ કરોડ ખર્ચાશે. આજની બેઠકમાં સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો, મનપાના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# મોરબી નજીક મચ્છુ નદીમાં ચાલતી રેતી ચોરી ઉપર ખાણ ખનીજ વિભાગના દરોડા





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સાદુળકા અને ગોરખીજડિયા ગામની સીમમાંથી પસાર થતી મચ્છુ નદીમાથી ગેરકાયદેસર રેતી ચોરી કરતા ખનીજચોરો ઉપર ખાણ ખનિજ વિભાગની ટીમે દરોડા પાડી આશરે ત્રણેક કરોડથી વધુના વાહનો જપ્ત કરી તાલુકા પોલીસ મથકને સોંપી આપેલ હતો.

મળતી વિગત પ્રમાણે, મોરબી ખાણ ખનીજ વિભાગના ભૂસ્તર શાસ્ત્રી જે.એસ.વાઢેર, ખાણ ખનીજ વિભાગના રવિભાઈ કણસાગરા, ગોપાલભાઈ ચંદારાણા, ગોપાલભાઈ સુવા અને મિતેશભાઈ ગોજીયાની ટીમે મોરબીના સાદુળકા અને ગોરખીજડિયા ગામની સીમમાંથી પસાર થતી મચ્છુ નદીમાં દરોડા પાડી ગેરકાયદેસર રેતી ચોરીનું કૌભાંડ ઝડપી રેતી ચોરી કરતા બે હિટાચી મશીન, એક લોડર, ૬ ડમ્પર અને બે ટ્રેકટર સહિત ત્રણેક કરોડનો મુદ્દામાલ ઝડપી લઈ મોરબી તાલુકા પોલીસ મથકને સોંપી આપી રેતી ચોરી કરતા ખનીજચોરો વિરુદ્ધ ખનીજ ચોરી મામલે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# જામનગર શહેરમાં વધુ એક લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં વધુ એક લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઇ છે. શહેરના બેડી બંદર રોડ પર પેઢીના ઢાળીયાથી ગરીબ નગર પાણાખાણ સુધીની સરકારી જમીન ઉપર બંગલા ટાઈપ મકાન બનાવી દબાણ કરી ઉપયોગમાં સાયચા બંધુઓ ઉપર ફરિયાદ નોંધવામાં આવી છે.જામનગર શહેરમાં આવેલા બેડી વિસ્તારમાં ગેરકાયદેસર જમીન પચાવી પાડનાર શખ્સો સામે સરકાર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે બેડી વિસ્તારમાં વધુ બે સાયચા બંધુઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સિકંદર સાયચા અને ઇમ્તિયાઝ નુરમામા સાયચા નામના શખ્સોએ સરકારી જમીનમાં બંગલા બનાવીને દબાણ કરી વપરાશ કરતા હતા. જેમની સામે લેન્ડ ગ્રેબિંગની ફરિયાદ નોંધાઇ છે.

# પતિ સાથે વાત કરતા લાગી આવતા પત્નિનો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ગુલાબનગર રવિપાર્ક વિસ્તારમાં પતિ સાથે ફોનમાં વાત કરતા લાગી આવતા પત્નિએ આપઘાત કરી લેતા ચકચાર જાગી છે. રૂમનો દરવાજો બંધ કરી ચુંદડી વડે ફાંસો ખાઇ જીવન ટૂંકાવી લીધાનું જાહેર થયું છે. પોલીસે બનાવ અંગે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.બનાવની પોલીસમાંથી મળતી વિગત અનુસાર શહેરમાં ગુલાબનગર, રવિપાર્ક વિસ્તારમાં પોતાના પિતાના ઘેર સીમરનબેન ઉપરના માળે તેમના પતિ ચાંદ નુરમામદ સૈયદ સાથે ફોન પર વાત કરતા હતાં. ફોનમાં વાતચીત દરમ્યાન સીમરનબેનને કંઇ મનમાં લાગી આવ્યું હતું. આથી તેણીએ રૂમનો દરવાજો બંધ કરી પોતાની હાથે પતરાની આડીના



પાઇપમાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. બનાવની જાણ થતાં સલીમભાઇ અલીભાઇ સૈયદે સીમરનબેનને સારવાર અર્થે જી.જી. હોસ્પિટલ ખસેડયા હતાં. પરંતુ હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તેણીને મૃત જાહેર કર્યા હતાં. બનાવ અંગે સલીમભાઇએ ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવે શહેરભરમાં ભારે ચકચાર જગાવી છે.પોલીસે આ બનાવ અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ બનાવથી ગુલાબનગર વિસ્તારમાં ચકચાર જાગી છે.

# સ્વચ્છતા કાર્યકરના ઘરે ચાલીને જઈને સાદગીપૂર્ણ અભિગમ દાખવી સંવાદ સાધતાં મંત્રી ઋષિકેશભાઈ પટેલ

## સરકારની મદદથી સાવ કાચા મકાનમાંથી પાકા ઘરમાં પહોંચ્યા સ્વચ્છતા કાર્યકર શારદાબેન ગોહેલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના રાજકોટ તાલુકામાં અમરગઢ ભિચરી ગામે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' કાર્યક્રમમાં હાજરી આપવા પહોંચેલા આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલનો સાદગીપૂર્ણ અભિગમ લોકોએ નિહાળ્યો હતો.

અમરગઢ ભિચરી ગામના સ્વચ્છતા કાર્યકર એવા શારદાબેન ગોહેલનાં ઘરે સામાન્ય નાગરિકોની જેમ ચાલીને મંત્રીશ્રી પહોંચ્યા હતા. પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ અંતર્ગત સાવ કાચા મકાનમાંથી પાકા સુંદર મજાના ઘરમાં રહેતા લાભાર્થી શારદાબેન સાથે સંવાદ સાધ્યો હતો. કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો જરૂરિયાતમંદ દરેક નાગરિકો સુધી પહોંચાડવા માટે સરકાર કટિબદ્ધ થઈ કામગીરી કરી રહી છે, જે લોકોને લાભો નથી મળ્યા તેઓને વિકસિત ભારત





સંકલ્પ યાત્રા થકી ઘર આંગણે લાભો આપવાની સરકારની નેમ છે, તેવો ભાવ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલને શારદાબેનએ કૃતજ્ઞ ભાવે જણાવ્યું હતું કે, નસ્ત્ર મારા બાળકો નાના હતા ત્યારે પતિનું અવસાન થયું ઘરનું કમાનાર વ્યક્તિ ન રહેતા ઘરની બધી જવાબદારી મારા ઉપર આવી ગઇ હતી. વરસાદ સમયે કાચા ઘરમાં પાણી ટપકતું, ઊભા થાય તો છત પણ માથે અડી જાય એવું અમારું ઘર હતું. મજૂરી કામ કરતી હું ઘરનું ઘર તો કઈ રીતે વિચારું? પણ સરકારની મદદથી મારું પાકા ઘરનું સ્વપન સાકાર થયું. આજે હું મારા પાક ઘરમાં મારા બાળકો સાથે ખુબ સુખેથી રહું છું. પાકા ઘરની સાથે સાથે મને આયુષ્માન કાર્ડ, નલ સે જલ થકી ઘરે નળ કનેક્શન, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અન્વયે ગેસ કીટનો પણ લાભ મળ્યો છે. મનરેગા યોજના હેઠળ રોજગારી મેળવી હું મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. સરકારની મદદથી મારું જીવન ખુબ સારું ચાલી રહ્યું છે આ માટે હું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો હૃદયપૂર્વક ખુબ ખુબ આભાર માનું છું.

આ તકે મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સાથે સાંસદશ્રી મોહનભાઈ કુંડારિયા, ધારાસભ્યશ્રી ઉદયભાઈ કાનગડ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણી, કલેક્ટરશ્રી પ્રભવ જોશી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરી, પ્રાંત અધિકારીશ્રી નિશા ચૌધરી સ્વચ્છતા કાર્યકરનાં ઘરે પહોંચ્યા હતા.

# વિંછીયા ખાતે યોજાયેલ દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનો ૪૬૦ દિવ્યાંગોને મળ્યો લાભ

## ૨૧૪ લાભાર્થી દિવ્યાંગોને રૂ.૨૮ લાખથી વધુના ૩૭૧ સાધનો થશે એનાયત







**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજય સરકારના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા વહિવટી તંત્ર તથા સંબંધિત વિભાગોના સહયોગથી તમામ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા લાભાર્થીઓ પૈકી દિવ્યાંગતાની કેટેગરી મુજબ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ માટે તાલુકા કક્ષાએ જ ખાસ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પના આયોજન કરવામાં આવી રહ્યા છે. ગઇકાલ તા. ૫ જાન્યુઆરીએ વિંછીયા ખાતે રાજ્યના પાણી પુરવઠા અને અન્ન પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે ખુલ્લો મુકવામાં આવેલ દિવ્યાંગ સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનો ૪૬૦ જેટલા દિવ્યાંગોએ લાભ લીધો હતો.

આ કેમ્પમાં એલિમ્કો સંસ્થા દ્વારા ૨૧૪ દિવ્યાંગોનું એસેસમેન્ટ કરી તેમના સાધન સહાય માટેની કામગીરી હાથ ધરવામા આવી હતી. સાથે જ આ કેમ્પમાં ૩૨૫ દિવ્યાંગોને અસ્થિ વિષયક, ૪૬ દિવ્યાંગોને ઈએનટી, ૫૮ને મનોદિવ્યાંગતા, ૪૫ દિવ્યાંગોને આંખની દિવ્યાંગતાના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સ્થળ ઉપર જ ૨૧૪ લોકોને યુ.ડિ.આઈ.ડી. કાર્ડ, ૫૩ લોકોને આવકના પ્રમાણપત્ર, ૫૭ લોકોને આયુષ્યમાન ભારત કાર્ડ તથા ૧૦ લોકોને આભા કાર્ડ, ૦૩ આધાર કાર્ડ અને ૩ વય પ્રમાણપત્ર કાઢી આપવામાં આવ્યા હતા.

આગામી સમયમાં એલીમ્કો દ્વારા ૨૧૪ લાભાર્થી દિવ્યાંગોને મોટરાઇઝ ટ્રાઇસિકલ, બ્રેઈલ કીટ, ફોલ્ડિંગ વ્હિલ ચેર, સ્માર્ટફોન, રોલેટર, ક્રચ એલ્બો, વોકિંગ સ્ટિક, કેન સહિતના રૂ.૨૮ લાખ ૯૩ હજાર, ૪૫૦ના ૩૭૧ સાધનો એનાયત કરવામાં આવશે તેમ વિંછીયાના તાલુકા આરોગ્ય અધિકારીશ્રી આર. જી. ખંભાળાની યાદીમાં જણાવાયું હતું.

# સ્વયંસેવકે સમાજના વિવિધ વર્ગને સાથે લઈને રાષ્ટ્રની સર્વાંગી વિકાસ માટે ચાલવાનું છેઃ ડો. મનમોહનજી વૈદ્ય

## રાજકોટમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્ય વિસ્તાર કુંભમાં ૨૩૦૦ સ્વયંસેવકોનું વિશાળ એકત્રીકરણઃ રાજકોટ મહાનગરની ૨૦૦ વસ્તી તથા ઉપવસ્તીમાંથી સ્વયંસેવકો જોડાયા










**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રેસકોર્સ ખાતે સાતમી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો કાર્ય વિસ્તાર કુંભ યોજાઈ ગયો. જેમાં રાજકોટ મહાનગરની ૨૦૦ વસ્તી તથા ઉપવસ્તીમાંથી આશરે ૨૩૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા. દિવસભરના કાર્યક્રમો બાદ સાંજે ઘોષ સાથે સ્વયંસેવકોનું પથ સંચલન નીકળ્યું હતું, જેણે અનોખું આકર્ષણ જમાવ્યું હતું.

આ અવસરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ-સરકાર્યવાહ ડો. મનમોહનજી વૈદ્ય વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સ્વયંસેવકોને માર્ગદર્શન આપ્યું હતું. તેમણે હિન્દુ રાષ્ટ્રની સર્વાંગીણ ઉન્નતિ માટે સ્વયંસેવકોને વિવિધ કાર્ય અને ગતિવિધિઓ સાથે સમાજના લોકોને સાથે લઈને ચાલવાની પ્રેરણા આપી હતી.

સ્વયંસેવકોને સંબોધિત કરતા તેમણે કહ્યું કહ્યું હતું કે, આજે સંઘનો કાર્ય વિસ્તાર, શક્તિ અને પ્રવાહ વધી રહ્યો છે. અનેક વિરોધ અને અવરોધ છતાં પણ સંઘનું કાર્ય સતત આગળ વધે છે. આ બધું ક્યારેય રોકાય નહીં, ઝૂકે નહીં, વેચાય નહીં તેવા સ્વયંસેવકોના સમર્પણથી થયું છે.

સમાજમાં સંઘવિસ્તારના ચાર તબક્કાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, સંઘને સમાજના વિવિધ ભાગો સુધી લઈ જવા માટે સમયાંતરે ભારતીય મજદૂર સંઘ, અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ વગેરે જેવા વિવિધ સંગઠનો શરૂ થયા છે. ૩૫થી વધુ સંગઠનો સમાજના વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે.

સમાજની દરેક વ્યક્તિ સંઘની શાખા સુધી નહીં આવી શકે, એ બાબતને સ્પષ્ટ કરતા તેમણે કહ્યું હતું કે, સમાજમાં ઘણા એવા લોકો છે, જેઓ રાષ્ટ્રીયતાના વિચાર સાથે રાષ્ટ્રની ઉન્નતી માટે કાર્ય કરી રહ્યા છે. સ્વયંસેવકોએ આવા લોકો સુધી પહોંચવાનું છે. આવા લોકોને વિવિધ કાર્યો અને ગતિવિધિઓ સાથે જોડીને તેમને સાથે લઈને સ્વયંસેવકોએ રાષ્ટ્રની સર્વાંગીણ ઉન્નતિ માટે આગળ વધવાનું છે.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૫માં સંઘની જન્મ શતાબ્દી આવી રહી છે, ત્યારે સંઘના વિચાર અને સંઘકાર્યને જન જન સુધી પહોંચાડવાના હેતુસર આ કાર્યવિસ્તાર કુંભ યોજાયો હતો. રવિવારે સવારે નવ કલાકે રેસકોર્સ ખાતે આ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. જેમાં મહાનગરના પાંચ વિસ્તારના, ૩૫ નગર, ૨૦૦ વસ્તી તથા વિવિધ ઉપવસ્તીમાંથી ૨૩૦૦થી વધુ સ્વયંસેવકો જોડાયા હતા. જેમાં ૧૭૯૨ તરુણ, ૩૭૮ બાલ સ્વયંસેવકો હતા, જ્યારે ૧૩૦ સ્વયંસેવકો પ્રબંધક તરીકે વ્યવસ્થામાં હતા.

મહત્વનું છે કે ડિસ્પોઝિબલ પ્લાસ્ટિકના ઉપયોગ વગર આખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૫માં સંઘને ૧૦૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે, ત્યારે સમગ્ર દેશમાં સમાજના દરેક વ્યક્તિ સુધી સંઘનું કાર્ય પહોંચાડવા પહોંચવા સ્વયંસેવકોએ કમર કસી છે. રાજકોટ મહાનગરમાં વર્ષ દરમિયાન દરેક વસ્તીમાં શાખા, વિસ્તારક યોજના, વસ્તીસહ હિન્દુ સામ્રાજય દિન, રક્ષાબંધન, વિજયાદશમી ઉત્સવ, શસ્ત્રપૂજન જેવા વિવિધ કાર્યક્રમો યોજી નવા નવા લોકોને જોડવાનો પ્રયત્ન કરવામાં આવ્યા હતા.

આજના કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર પ્રાંતના માન. સંઘ ચાલકજી મુકેશભાઈ મલકાણ, પ્રાંત સેવા પ્રમુખ નારણભાઈ વેલાણી, પ્રાંત પ્રચાર પ્રમુખ પંકજભાઈ રાવલ, પ્રાંત સહ વ્યવસ્થા પ્રમુખ નરેન્દ્રભાઈ દવે, વિભાગના અધિકારીઓમાં વિભાગ વ્યવસ્થા પ્રમુખ પ્રવીણસિંહ રાઠોડ, ધર્મજાગરણ સંયોજક રાજેશભાઈ શિંગાળા, વિભાગ કાર્યકારી સદસ્ય મનીષભાઈ બેચરા વગેરેએ પૂર્ણ સમય ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આજના કાર્યક્રમમાં દરેક વ્યવસાયના દરેક વર્ગના સ્વયંસેવકો, ખેડૂતો, શ્રમિકો, ડોક્ટર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ઉદ્યોગપતિ નોકરીયાત, વિદ્યાર્થી એકસાથે આખો દિવસ રહ્યા હતા.

રેસકોર્સ પર સ્વયંસેવકોના પથ સંચાલન સંચલને આકર્ષણ જમાવ્યું રાજકોટમાં આયોજિત સંઘના કાર્ય વિસ્તાર કુંભનું સમાપન પથ સંચલન (માર્ચ પાસ્ટ) સાથે થયું હતું. રેસકોર્સ રીંગરોડ પર સંઘના દસ વર્ષથી ઉપર અને પ્રૌઢ વય સુધીના સ્વયંસેવકો, શિસ્તબદ્ધ હરોળમાં ઘોષ (બેન્ડ)ના તાલ સાથે પરેડ કરતા નીકળ્યા ત્યારે તેણે લોકોમાં અનોખું આકર્ષણ જમાવ્યું હતું. રાજકોટમાં પ્રથમ વખત ષડવ્યૂહમાં આ પથ સંચલન યોજવામાં આવ્યું હતું.

# રેલનગર વિસ્તારમાં વાહનોમાંથી બેટરી ચોરી કરતી ત્રિપુટી ઝડપાઈઃ રૂા.૧.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવએ મિલકત સબંધી ગુન્હા ડિટેક્ટ કરવા સુચના આપેલ હોય જે અન્વયે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એમ.આર. ગોંડલીયાના માર્ગદર્શન મુજબ પ્રદ્યુમનનગર પો.સ્ટેના જંકશન ચોકી પો.સબ.ઈન્સ બી.કે. ગોહીલ તથા એ.એસ. આઈ એ.આર. વરુ તથા પો.હેડ.કોન્સ કલ્પેશસિંહ ગોહીલ તથા પો.કોન્સ. રસિકભાઈ ધાધલ તથા કનુભાઈ ભમ્મર પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ સોર્સથી મેળવેલ માહિતી પરથી એ.એસ.આઈ એ.આર.વરુ તથા



કનુભાઈ ભમ્મર ને ખાનગી રાહે ચોકકસ બાતમીને આધારે ગાયકવાડી શેરી નં.૧૦ માંથી હરદેવ જયરાજસિંહ રેવર(રહે.બાબરીયા કવાર્ટર ભકિતનગર રાજકોટ), બાબુસિંગ દારાસિંગ(રહે. ખીંચી શીતળા ધાર કોઠારીયા રોડ રાજકોટ) અને અફઝલ મામદભાઈ જુણેજા(રહે.ગાયકવાડી પ્લોટ જંકશન રોડ રાજકોટ) ને પકડી અલગ અલગ વાહનોની બેટરીઓ સહિત રૂ.૧.૨૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. પકડાયેલો હરદેવ રેવર અગાઉ પણ ઘરફોડ ચોરી સહિત ત્રણેક ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે.

# કુવાડવાના ગુંદાળા ગામની સીમમાંથી હત્યા કરાયેલી મહિલાની લાશનો ભેદ ઉકેલાયો

## શાસ્ત્રીનગરની મહિલાને પ્રેમ સંબંધમાં પિતા-પુત્રએ મારી નાંખી હોવાની શંકાઃ બંને પોલીસના સંકંજામાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કુવાડવા નજીક ગુંદાળા ગામની સીમમાંથી તીક્ષ્ણ હથીયારના અડધો ડઝનથી વધુ ઘા ઝીંકી હત્યા કરાયેલી મહિલાનો મૃતદેહ મળી આવતા ક્રાઈમ બ્રાંચ ,એરપોર્ટ પોલીસે મહિલાની ઓળખ મેળવવા તપાસ કરતા હત્યામાં ભોગ બનનાર મહિલા શાસ્ત્રીનગરમાં રહેતી હોવાનુ અને પ્રેમ સંબંધના મામલે ડખ્ખો થતા હત્યા થયાની શંકાએ ક્રાઈમ બ્રાંચે પિતા-પુત્રને ઉઠાવી લઈ વિશેષ પુછતાછ કરી હતી.



આ અંગેની માહિતી મુજબ શનીવારે કુવાડવા નજીક ગુંદાળા ગામની સીમમાંથી મહિલાની લાશ પડી હોવાની એક જાગૃત નાગરિકે જાણ કરતા એરપોર્ટ પોલીસ કાફલો દોડી જઈ તપાસ કરતા મહિલાને પેટમા, પડખામાં, ગુંદાના માર્ગ સહીત અડધો ડઝનથી વધુ તીક્ષણ હથીયારના ઘા ઝીંકી હત્યા થયાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે તપાસ કરતા મહિલાના હાથમાં રૂપેશ ત્રોફાવેલ હોય અને જીન્સ ટીશર્ટ પહેર્યા હોવાનુ તેમજ હત્યા કરી લાશ ફેકી ગયાની શંકાએ પોલીસે મહિલાની ઓળખ મેળવવા સીસીટીવીની મદદ તેમજ બાતમી દારોની મદદ લઈ ભેદ ઉકેલવા કાર્યવાહી કરી હતી. તેમજ મહિલાનો મૃતદેહ ફોરેન્સીક પોસ્ટમોર્ટમ માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડી ખુદ પીઆઈ ગામીતે ફરિયાદ નોંધી મહિલાની હત્યાનો ભેદ ઉકેલવા મથામણ કરી હતી.

દરમ્યાન ક્રાઈમ બ્રાંચ પીઆઈ વાય.બી જાડેજા સહીતના સ્ટાફે તપાસ કરતા મૃતક મહિલા શાસ્ત્રીનગરમાં રહેતી ભાવનાબેન રૂપેશભાઈ નિમાવત હોવાનુ અને બન્નેએ પ્રેમ લગ્ન કર્યા હોવાનુ બહાર આવતા પોલીસે રૂપેશની પુછતાછ કરી હતી ત્યાર બાદ શકદાર પિતા-પુત્ર સહીતના શખસોને ઉઠાવી લઈ વિશેષ પુછતાછ કરી હત્યાનો ભેદ ઉકેલવા મથામણ કરી હતી.

# રૈયામાં લાઈટ હાઉસ પાછળ તળાવ પાસે દીપડો દેખાયો

## લાઈટ હાઉસના પ્રમુખે ઓડીયો વાયરલ કરી વન વિભાગને જાણ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વારંવાર દેખા દેતો દીપડો આજે સાંજે રૈયા ખાતે આવેલ લાઈટહાઉસ વસાહત પાછળના તળાવની નજીક દેખાયાની વિગતો પ્રાપ્ત થાય છે. લાઈટહાઉસના પ્રમુખે પોતાની વસાહતના સદસ્યોને દીપડાથી સાવચેત રાખવા ઓડીયો વાયરલ કર્યો હતો બાદમાં જંગલ વિભાગના અધિકારી એસ.ડી. કોટડીયાને જાણ કરવામાં આવતા તેઓ મોડી રાત્રે ટીમ સાથે લાઈટહાઉસ પાછળ પરશુરામ મંદિર નજીક આવેલ તળાવ આસપાસના વિસ્તારમાં ચકાસણી માટે દોડી ગયા હતા.



અગાઉ બે દિવસ પહેલા ક્રાઈસ્ટ કોલેજ આસપાસના વિસ્તારમાં દીપડો દેખાયાની બાબતે ચર્ચા જગાવી હતી. વનવિભાગ દ્વારા આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન પણ કરવામાં આવ્યું હતું. જોકે દીપડો હાથતાળી આપી જાણે ગાયબ થઈ ગયો હતો. દરમિયાન સાંજે લાઈટહાઉસ પાછળના તળાવ નજીક તે જોવા મળ્યો હતો. દીપડાને નજરે જોયાનો દાવો તળાવ પાસે રહેતા ગઢવી પરિવાર દ્વારા કરવામાં આવ્યાનું લાઈટહાઉસના પ્રમુખે વાયરલ કરેલા ઓડીયોમાં જણાવાયું છે. જંગલખાતાની ટીમ આ વિસ્તારમાં તપાસ કરવા પહોંચી છે અને સગડ શોધવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

રાજકોટ શહેરમાં અલગ-અલગ પાંચ સ્થળે પીંજરા ગોઠવીને દીપડાને ઝબ્બે કરવા ગત શુક્રવારથી પ્રયાસો ચાલી રહ્યા છે. થોડા-થોડા સમયના અંતરાલે દીપડો દેખાય છે અને અચાનક ગાયબ થઈ જાય છે. સાંજે અને રાતના સમયે દીપડો નીકળતો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. જો કે વનવિભાગ દ્વારા હાલ કોઈપણ બાબતે સ્પષ્ટાઓ કરવામાં આવી નથી.

# ખાનગી પેઢીના એકાઉન્ટન્ટના ખાતામાંથી રૂા.૧.૧૬ લાખની ઓનલાઈન ઠગાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઓન લાઈન ગઠીયાઓ અગલ-અલગ કીમીયાઓ અજમાવી લોકો સાથે લાખોની છેતરપીંડી કરતા હોય પોલીસ અને સાયબર ક્રાઈમ માટે માથાનો દુઃખાવા સમાન હોય રાજકોટના આલાપ ગ્રીન સીટી પાસેના સીટી સેરેમની બિલ્ડીંગમાં રહેતા અને પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા યુવકના ખાતામાંથી બારોબાર રૂપીયા ઉપડી ગયાની ફરિયાદ કરતા સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખસો સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ,સીટી બિલ્ડીંગમાં રહેતા અને પડધરી ખાતે સુફલામ ક્રોપ સાયન્સ નામની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા વિવેકભાઈ કિસ્મતભાઈ હાસલપરાએ ફરીયાદ કરી હતી.જેમા આરોપી તરીકે અજાણ્યા શખસોના નામ આપ્યુ હતુ ફરીયાદ માં જણાવ્યુ હતુ કે ગત તા. ૨૨-૯ના રોજ તે નોકરી પર હતો ત્યારે તેના મોબાઈલમાં બેંક ઓફ ઈન્ડીયાનો મેસેજ આવ્યા હતો જેમા તેના ખાતામાંથી રૂ.૨૨૯૯૯ ઉપડી ગયા હોય અને તેના ખાતામાં હાલ ૨૭૦ રૂપીયાની બેલેન્સ બચેલ છે. જેથી તેને તપાસ કરતા તેના ખાતામાંથી બારોબાર રૂ.૧.૧૬લાખ ઉપડી ગયાનુ જાણવા મળતા તેને બેંકમાં જાણ કરી ફરીયાદ કરતા હેડકોન્સ્ટેબલ દીપકભાઈ પંડિતે ગુનો દાખલ કરતાં પીઆઈ કે.જે મકવાણા સહીતના સ્ટાફે વિશેષ કાર્યવાહી કરી હતી.

# ધારીના બોરડી ગામે કૌટુંબિક કાકાએ કરી ભત્રીજીની હત્યા

## વાડામાં ઘુસેલી ગાયને બહાર કાઢવા બાબતે કાકાએ કુહાડીનો ઘા ઝીંકી ભત્રીજીને પતાવી દીધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધારી તાલુકાના બોરડી ટીંબા ગામે વાડામાં ગુસેલી ગાયને બહાર કાઢવા જેવા સામાન્ય મુદ્દે યુવાન કૌટુંબિક કાકાએ યુવાન ભત્રીજીને માથામાં કુહાડીના ઘા ઝીંકીને હત્યા નીપજાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

આ અંગે ધારી તાલુકાના બોરડી ટીંબા ગામે રહેતા મંગુબેન જેરામભાઈ રાજાભાઈ પાટડીયાએ ધારી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ સાંજે ૫:૩૦ વાગ્યાના અરસામાં તેમની પુત્રી ધર્મિષ્ઠા જેરામભાઈ પાટડીયા (ઉ.વ. ૨૦) પોતાના ઘર પાસે વેકરો ચાળતી હતી તે દરમ્યાન તેમના વાડામાં આરોપી કિશનભાઈ હિમ્મતભાઈ પાટડીયાની ગાય અંદર જઈ અને ત્યાં રાખેલું ઘાસ ખાઈ જતી હોય જેથી ધર્મિષ્ઠાએ ગાયને વાડાની બહાર કાઢતા આરોપીને સારૂ નહી લાગેલ અને તે બાબતે મરણજનાર સાથે બોલાચાલી કરવા લાગ્યો હતો. જેથી ધર્મિષ્ઠાએ આરોપીને સમજાવવા જતા આરોપી એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો આપવા લાગેલ જે ગાળો બોલવાનીના પાડતા આરોપી તેના ઘરમાંથી કુહાડી લઇ આવી કુહાડીની મુંધરાટીનો એક ઘા ધર્મિષ્ઠાબેનના માથાના પાછળના ઓડના ભાગે મારી દેતા ગંભીર ઇજા થવાના કારણે તેમનું મૃત્યુ થયું હતું. આ અંગે વધુ વિગતો માટે ધારીના પોલીસ ઈન્સ્પેક્ટર એ. એમ.દેસાઈનોસંપર્ક સાધતા તેમને જણાવ્યું કે, પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. મરણજનાર યુવતીની ઉંમર માત્ર ૨૦ વર્ષ છે અને આરોપી મરણ જનારી યુવતીનો કૌટુંબીક કાકા થાય છે અને આરોપીની ઉંમર પણ માત્ર ૨૧ વર્ષની જ છે. હજી સુધી આ કેસમાં વપરાયેલું હથિયાર મળ્યું નથીતે મુદ્દે પણ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગોંડલમાં પરિણીતા સાથે ફોનમાં વાત કરવા બાબતે બે ભાઈ પર પાંચ શખ્સોનો હુમલોઃ સલુનમાં તોડફોડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલમાં રહેતા અને કોલેજ ચોકમાં આવેલી દ્વારકેશ નામના સલુનમાં કામ કરતા બે ભાઈ પર તેના જ વિસ્તારમાં રહેતા પાંચ શખ્સોએ પરિણીતા સાથે ફોન પર વાતચીત કરવાના મુદ્દે લોખંડના પાઈપ વડે હુમલો કરી માર મારતા બંનેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જ્યારે આ બનાવ મામલે સીટી બી ડિવિઝન પોલીસે પાંચ સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલમાં વિજયનગરમાં રહેતા અને કોલેજ ચોકમાં આવેલી દ્વારકેશ નામના સલુનમાં કામ કરતા નેમિશભાઈ હરેશભાઈ ઝાલા નામના યુવકે નોંધાવેલી ફરિયાદમાં આરોપીઓમાં તેના જ વિસ્તારમાં રહેતા જય રસિક ટોળીયા, સંતોષ ટોળીયા, જીગો મકવાણા, કાર્તિક મકવાણા અને નિલેષ ચાવડાના નામ આપ્યા હતા. જેમાં તેમને જણાવ્યું હતું કે, તે અને તેનો નાનો ભાઈ દિવ્યેશ દ્વારકેશ નામના સલુનમાં કામ કરે છે. બંને કામ પર હતા ત્યારે ત્યાં જય ટોળીયા નામનો શખ્સ ત્યાં આવ્યો હતો અને તેના ભાભી સાથે દિવ્યેશ ફોન પર કેમ વાત કરે છે તેમ કહી લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો.અને સલુનમાં તોડફોડ કરી હતી. બાદ મારી નાખવાની ધમકી આપી ત્યાંથી જય જતો રહ્યો હતો.અને સમાધાન માટે નેમિશભાઈને ફોન કરી ઓફિસ પર મળવા બોલાવ્યો હતા.નેમિશભાઈને ઓફિસ પર ગયા ત્યારે તેને ઓફિસમાં પૂરી જય રસિક ટોળીયા, સંતોષ ટોળીયા, જીગો મકવાણા, કાર્તિક મકવાણા અને નિલેષ ચાવડાના દ્વારા ધોકા અને પાઈપ વડે માર મારવાના આવ્યો હતો. આ ઘટનામાં નેમિશભાઈને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.અને ફરિયાદ પરથી સીટી બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી પાંચેય શખ્સોની શોધખોળ હાથ ધરી છે.

# સહકાર સોસાયટીમાં પત્ની રીસામણે ચાલી જતાં પ્રૌઢનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની સરકાર સોસાયટી નજીક આહીર ચોક પાસે લાલપાર્કમાં રહેતા આધેડએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભકિતનગર પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસ જણાવ્યા મુજબ લાલપાર્કમાં રહેતા જીતેન્દ્રભાઈ કેશુભાઈ જાદવાણી (ઉ.૪૬)એ પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભકિતનગર પોલીસ મથકના જમાદાર મનરૂપગીરી સહીતના સ્ટાફે તપાસ કરતા મૃતક જીતેન્દ્રભાઈ ફર્નીચરની મજુરી કામ કરતા હોવાનુ અને તેને સંતાનમાં એક પુત્ર અને અને પુત્ર હોવાનુ પરીવારે જણાવતા પોલીસે વધુ તપાસ કરતા દંપતિ વચ્ચે સામાન્ય ઝગડો થતા તેની પત્નિ બન્ને સંતાનો સાથે માવતરે ચાલી જતા પગલુ ભરી લીધાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા વધુ કાર્યવાહી કરી હતી.

# ચોટીલા પંથકમાં દીપડાની દહેશતઃ પીપળીયા ગામે ગાયનું મારણ કર્યુ

**મુખ્ય સમાચાર, ચોટીલા**

ચોટીલા પંથકનાં ઠાંગા વિસ્તારમાં પીપળીયા (ધાધલ) ગામે દિપડાએ એક વાછડીનું મારણ કરતા ખેડૂતો અને સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ફેલાયો છે અને વન વિભાગ વધુ કાર્યરત બને તેવી માંગ કરાઈ છે ચોટીલાનાં અનેક વિસ્તારોમાં દિપડા ની વસ્તી છે તેમજ અનેક ડુંગરાળ અને મોટો વિડી વિસ્તાર હોવાથી દિપડાઓની વસ્તી ઘણા વર્ષોથી છે જેમા વધારો પણ થયો છે આ પંથકમાં ચોટીલા થાનગઢ વચ્ચેના માંડવ જંગલ વિસ્તાર, ચોબારી આણંદપુર જંગલ વિડી તેમજ ગુંદા અને ઠાંગા જંગલ વિસ્તારમાં દિપડાઓનો વસવાટ છે. હાલમાંજ પીપળીયા ગામની સીમમાં કાનાભાઈ પોલાભાઈની વાડી પાસે દિપડાએ એક વાછડી ગાયને ફાડી ખાધી હતી જે વાત આજુબાજુના વિસ્તારોમાં પ્રસરતા લોકમાં ફફડાટ ફેલાયો છે થોડાં દિવસો પહેલાં જ વનવિભાગ દ્વારા એક દિપડો પાંજરે પુરી ને રેસ્કયુ કરાયું હતું. પંથકમાં દિપડાના વધતાં આંટાફેરા તેમજ દિપડાઓનો વધારો થયો હોવાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળે છે લોકમાં દિપડાની દહેશત વધતાં વનવિભાગ વધુ કાર્યરત રહે તેવી માંગ ઉઠી છે. લોકોમાં હજુ પણ જાગૃતિ નો અભાવ રહેલો છે મોટા ભાગનાં ગ્રામમ્ય વિસ્તારોમાં સીમ ખેતરમાં લોકો વસવાટ કરતા હોય છે અને અનેક ઠેકાણે ખુલ્લામાં પશુઓ બાંધવામાં આવે છે બંધ વાડાઓ અંગે લોકોમાં જાગૃતિ લાવવાની જરૂરીયાત જણાય છે આવા બનાવ બને ત્યારે વન વિભાગ દ્વારા ભોગ બનનાર ખેડૂત પરિવારને તેના પશુનાં મૃત્યું નું સરકારી ધારાધોરણ મુજબ વળતર ચુકવવાની કાર્યવાહી કરી વળતર ચૂકવી સંતોષ મનાય છે પરંતુ લોકોને જાગૃત કરી રાની પ્રાણી નાં હુમલાથી જાનમાલ નું રક્ષણ કેમ કરી શકાય તે અંગે પણ વન વિભાગ કાર્યક્રમો યોજવા જોઈએ.

# વાંકાનેરના જેપુર ગામે પ્રૌઢનો એસિડ પી આપઘાતઃ અરેરાટી

## જીનપરાના યુવાને ટ્રેન હેઠળ ઝંપલાવી જીવન ટુંકાવ્યુંઃ વિશીપરામાં સગીરાએ ગળાફાંસો ખાધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર પંથકમાં ગઈકાલથી રાત્રિ દરમિયાન આપઘાતના ત્રણ કિસ્સાઓ સામે આવ્યા છે. જેમાં જેપુર ગામે આધેડે એસિડ પી આપઘાત કર્યો હતો. જ્યારે વાંકાનેર ના વીસીપરામાં ૧૫ વર્ષની સગીરાએ ફાસો ખાય અને જીનપરા નજીક રેલવે ટ્રેક પર યુવકે ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કરી લેતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. જાણવા મળતી વિગતો અનુસાર વાંકાનેર તાલુકાના જેપુર ગામે રહેતા ૪૫ વર્ષીય રાયધનભાઈ વાલાભાઈ ચાવડાએ થોડા સમય પહેલાં ઘરે અગમ્ય કારણોસર એસિડ પી લીધું હતું. જે બાદ તેને સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે વાંકાનેર તાલુકા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બીજી ઘટનામાં વાંકાનેર શહેરના વીશીપરા વિસ્તારમાં સ્મશાન રોડ પર શેરી નં. ૦૩ ખાતે રહેતી ૧૫ વર્ષીય સગીરા ભુમિકાબેન જનકભાઈ રોજાસરાએ સાંજના સમયે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો, જેથી આ બનાવની વાંકાનેર સીટી પોલીસે મૃત્યુ નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

તેમજ ત્રીજી ઘટનામાં વાંકાનેર શહેર નજીક જીનપરા વિસ્તારમાંથી પસાર થતા રેલ્વે ટ્રેક પર સાતનાલા નજીક જગદીશભાઈ વશરામભાઈ વોરા (ઉ.વ. ૪૧, રહે. પેડક સોસાયટી, દિગ્વિજયનગર, વાંકાનેર) નામના યુવાનને કોઈ અગમ્ય કારણોસર મુંબઈથી આવતી સૌરાષ્ટ્ર મેઈલ ટ્રેન હેઠળ પડતું મૂકી આપઘાત કરી લીધો હતો, જેથી મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે અને આ બનાવની વધુ તપાસ વાંકાનેર સીટી પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી છે.

# વિમાનગર સોસાયટી અને પરાસર પાર્કમાં ધોળા દિવસે બંધ મકાનમાંથી ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રૈયા રોડ પર આવેલા વિમાનગર સોસાયટી અને જામનગર રોડ પરાસર પાર્કમાં બે બંદ મકાનમાંથી ધોળા દિવસે ચોરી થઈ હોવાના બે બનાવો પોલસમાં નોંધાયા છે.

જેમાં પ્રથમ બનાવમાં રૈયા રોડ પર વિમાનગર સોસાયટીમાં રહેતા અને હાલ નવાપરા યાસીમ બાગ ભાવનગર ખાતે રહેતા યાસીમભાઈ શકુરભાઈ મચ્છુરએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કેકોઈ અજાણ્યા શખ્સોએ તેના બંધ મકાનને નીશાન બનાવી રસોડાની બારીની ગ્રીલ તોડી અંદર પ્રવેશ કરી કબાટમાં રાખેલા રૂા.૭૫ હજાર તથા સોનાનો ચેન સહિત કુલ રૂા.૨.૭૦ લાખની મતા ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીઆઈ એમ.જી.વસાવા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ ડોગ સ્કોડ અને ફીંગરપ્રિન્ટ નિષ્ણાંતની મદદ લઈ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં જામનગર રોડ પર આવેલા પરાસર પાર્કમાં રહેતી ભાવનાબેન જયસુખભાઈ સીંધવ નામની મહિલાએ ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેના બંધ મકાનને બપોરના સમયે કોઈ અજાણ્યા શખ્સોએ ડેલીના નકુચા તોડી નાખી ઘરમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ રૂા.૮૮ હજારનો મુામાલ ચોરી કરી જતા ફરિયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઈ વી.એચ.પરમારે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# ગોંડલ રોડ પર નવા બનતા બિલ્ડિંગમાં વીજશોક લાગતા શ્રમિકનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ રોડ ડી-માર્ટ સામે નવી બનતી સિલ્વર હાઈટ્રસ નામની સાઈડ પર ગઈકાલે સાંજના સાતક વાગ્યે રોહિત સમસુભાઈ ડામોર નામનો યુવાન મજુરી કામ કરી રહયો હતો ત્યારે તેને વીજશોક લાગતા બેભાન થઈ જતા તાત્કાલીક સારવાર અર્થે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજપરના તબીબોએ તેને જોઈ તપાસી મૃતક જાહેર ર્ક્યો હતો. બનાવ અંગેની જાણ માલવિયાનગર પોલીસમાં કરવામાં આવતા એએસઆઈ કે.યુ.વાળા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.

## નવા થોરાળા મેઈન રોડ પર સર્વોદય સોસાયટીમાં ૮૪ બોટલ દારૂ ભરેલી કાર સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે નવા થોરાળા વિસ્તારમાં પીઆઈ બી.એ.જણકાંટ પીએસઆઈ પી.એમ.રાઠવા હેડકોન્સ્ટેબલ વિમલભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે સર્વોદય સોસાયટીમાં દરોડો પાડતા કરણ ઉર્ફે કાનો તરુણભાઈ રાઠોડ નામનો બુટલેગર મારૂતિફન્ટી કાર લઈ નિકળતા પોલીસે અટકાવી કારની તલાશી લેતા વિદેશી દારૂની ૮૪ બોટલ કિંમત રૂા.૪૨ હજારનો જથ્થો મળી આવતા પોલીસે કાર સહિત રૂા.૧.૨૨ લાખનો મુામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કેવડાવાડી મેઈન રોડ પર માનસિક બિમારીથી કંટાળી નેપાળી સગીરાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આપઘાત અને આત્મહત્યાના પ્રયાસોની ઘટના દિન બદીન વધી રહી છે ત્યારે કેવડાવાડી મેઈન રોડ ઉપર પવનપુત્ર ચોકમાં રહેતા નેપાળી સગીરે માનસિક બીમારીથી કંટાળી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં કેવડાવાડી મેઈન રોડ ઉપર આવેલા પવનપુત્ર ચોકમાં રહેતા મનોજ ગોવિંદભાઈ સોની નામનો ૧૬ વર્ષનો સગીર પોતાના ઘરે હતો ત્યારે પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પુત્રએ ગળેફાંસો ખાઈ લીધાની પરિવારે ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને ૧૦૮ની ટીમના ઇએમટીએ જોઈ તપાસી મનોજ સોનીને મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે ભક્તિનગર પોલીસને જાણ થતા ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને પોલીસે ઘટના સ્થળે જરૂરી કાર્યવાહી કરી સગીરના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક મનોજ સોનીનો પરિવાર મૂળ નેપાળનો વતની છે અને છેલ્લા ૨૦ વર્ષથી રાજકોટમાં રહી મજૂરી કામ કરે છે મનોજ સોની બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતો અને માનસિક બીમારીથી કંટાળી મનોજ સોનીએ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે ભક્તિનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદમાં સગીરા સાથે અડપલા કરી બીભત્સ માંગણી કરતા નરાધમ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ ટાઉનમાં રહેતા પરિવારની ૧૫ વર્ષીય સગીરાનું બાવડું પકડી શારિરીક અડપલા કરી બીભત્સ માંગણી કરતા વાસનાઅંધ નરાધમ વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પીડિતાની માતા દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ શખ્સ વિરુદ્ધ પોક્સો સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ ટાઉનમાં સગીરાની એકલતાનો લાભ લઇ અનેક વખત નરાધમ શખ્સ સગીરાની છેડતી કરતો હોય જે બાબતે પરિવાર દ્વારા પોતાની દીકરીની બદનામીના ડરને કારણે ફરિયાદ કરવાનું ટાળતા હોય ત્યારે ભવિષ્યમાં પણ આવી રીતે છેડતી અને બીભત્સ માંગણી કરશે તેથી આખરે હિંમત કરી નરાધમ વિરુદ્ધ પીડિતાની માતા દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે આરોપી અરજણભાઈ ઉર્ફે અજો જીવરાજભાઈ દેવીપુજક રહે.હળવદ ત્રણ માળીયા તા.હળવદ વાળાએ ગત તા. ૧જાન્યુ. ૨૦૨૪ ના રોજ ભોગ બનનાર સગીર વયની હોવાનુ જાણતો હોવા છતાં સગીરાને બાપા સીતારામની મઢુલીની બાજુમા આવેલ તલાવડીની સામે આવેલ હીરાવાડી પાસે બાવડુ પકડી શારીરીક અડપલા કરી તેમજ બીભત્સ માંગણી કરી છેડતી કરી હતી જે મુજબની ફરિયાદ નોંધાવતા હળવદ પોલીસે નરાધમ શખ્સ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા આઇપીસી તથા પોક્સો કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT